॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૮, નવેમ્બર–૨૦૨૫, રૂા. ૫.૦૦/–




સંવત ૨૦૮૨ ના નવા વર્ષની પૂર્વસંધ્યાએ દિવાળીના દિવસે
સંધ્યા સમયે ૧૫૦૦૦ દિવડાઓથી ઝગમગતું ભુજ મંદિર




**૨૦૮૨ ના નવા વર્ષે દરેક દેવો સમક્ષ ભવ્ય અન્નકૂટોત્સવ દર્શન**
**તથા સૌ દર્શન તથા યુવતી મંડળ ભુજ દ્વારા આયોજિત રંગોળી સ્પર્ધા ભુજ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૯ નવેમ્બર-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૮

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૯ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૩ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્વહસ્તે શિક્ષાપત્રી લખી છે એ પોતાના આશ્રિતો માટે પ્રથમ અનુકરણીય છે. આ શિક્ષાપત્રીના સિદ્ધાંતો સંપ્રદાયના અનુયાયી વર્ગ અનુસરે તો સનાતન ધર્મની સાથે કયારેય પણ વિરોધ ન થાય. અર્થદીપિકા ટીકા લખનાર સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ શ્રીશિક્ષાપત્રીની આજ્ઞાઓના અનુમોદન માટે સનાતન ધર્મના વેદથી માંડી સ્મૃતિઓ, ઉપનિષદો, પુરાણો, ધર્મશાસ્ત્રો વિગેરે ૩૫૦ જેટલા ગ્રંથોના પ્રમાણો મૂકેલાં છે. તો કેવી રીતે આ ઉદ્ધવ સંપ્રદાય સનાતન ધર્મથી વિરૂદ્ધ હોઇ શકે ? જ્યારે આવા શાસ્ત્રોને એક બાજુ મૂકી અર્થના અનર્થ કરી અથવા આ શિક્ષાપત્રી 'બાળપોથી' છે આવી બાળચેષ્ટા દ્વારા ઉપહાસ કરવામાં આવે છે ત્યારે આ સંપ્રદાયની બદનામી થાય છે અને એનો ભોગ સંપ્રદાયના દરેક અનુયાયીઓ બને છે. આવું કુકૃત્ય કોઇ સંતો તથા બહેનો-ભાઇઓ ન કરે, કોઇ પૂર્વે આવા પ્રકારનું કૃત્ય કરેલ હોય તો એમને ન અનુસરવાનો સંકલ્પ કરવો એજ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી છે. મૂળ ઉદ્ધવ સંપ્રદાય વડતાલ-અમદાવાદ ગાદીથી અલગ થયેલ ફાંટાઓ પોતાની મનોકલ્પિત શિક્ષાઓ, શિક્ષાસૂત્રો, કિરણાવલીયો વિગેરે મુમુક્ષુ સત્સંગિવર્ગને નિત્ય વાંચવા આપે છે જેથી સાચી શિક્ષાપત્રી ૨૧૨ શ્લોકવાળી મુમુક્ષુના હાથમાં જ નથી આવતી જેથી એ ગેરમાર્ગે દોરાય છે અને આજ્ઞા અને ઉપાસનાનો ભંગ કરવાપૂર્વક મોક્ષમાર્ગથી ભટકી જાય છે. અને સંપ્રદાયના સત્સંગિને દેહના અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ થવાને બદલે પુનરપિ જનની જઠરે શયનં ફરી ફરી જન્મી સત્સંગ કરી સાચી ઉપાસના કરી પછી ભગવાનના ધામમાં જાય છે.

મુમુક્ષુઓએ કોઇપણ પંથ કે ફાંટાઓ સ્વામિનારાયણ નામનો પ્રચાર કરે છે એટલે એ સાચા છે એમ ન માનતાં, સ્વયં સ્વામિનારાયણ ભગવાને આપેલ મંદિરોમાં મૂર્તિઓ, બે આચાર્યોની પરંપરા, આચાર્ય દીક્ષિત સંતો તથા શ્રીહરિએ માન્ય કરેલ શાસ્ત્રોને અનુસરનાર જ અંતે મોક્ષનો ભાગી થાય છે આવી સમજણ કેળવી અમૂલ્ય, અનંત જન્મના પુણ્યને અંતે મળેલ માનવ જન્મને વ્યર્થ ન જવા દેવો જોઇએ.


મોટા પ્રમાણમાં શિક્ષિત વર્ગ તૈયાર થાય છે ત્યારે એવા શિક્ષિત લોકો પણ કયારેક મહિમાના અતિરેકથી વિવેકશૂન્ય થઇ જાય છે અને મોક્ષમાર્ગથી ભટકી ભગવાનની ઉપાસના મૂકી સંત કે ગુરુની પૂજા-ઉપાસનામાં લાગી ભટકી જાય છે. અને અંતે આત્યંતિક મોક્ષથી દૂર થઇ જાય છે.

શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીએ અમોને તમારી આજ્ઞામાં વર્તવાનું માર્ગદર્શન આપનાર સંતો-ભક્તોનો સમાગમ મળે, શિક્ષાપત્રીની આજ્ઞાઓ સમજણપૂર્વક પાળવાનું બળ મળે એજ પ્રાર્થના.

તંત્રીશ્રી

# શિક્ષાપત્રી શ્લોક - ૯૮

હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' - ભુજ



**શ્રીમદ્‌ભાગવત સ્વૈષુ સ્કન્ધૌ દશમપંચમૌ ।**
**સર્વાધિકતયા જ્ઞેયૌ કૃષ્ણમાહાત્મ્ય બુદ્ધયે ॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે, આ આઠ સચ્છાસ્ત્રોને મધ્યે શ્રીમદ્‌ભાગવત પુરાણના દશમ સ્કંધ અને પંચમ સ્કંધને શ્રીકૃષ્ણ ભગવાનનું મહાત્મ્ય જાણવા માટે સર્વથી અધિકપણે જાણવા.

**"સારી વાતમાં પણ વાંધા વચકાં કાં કરો ?**
**કોણ, ક્યાં ભગવાન ?**
**મહાત્મ્ય શું? વાંચો શિક્ષાપત્રી શ્લોક અઠાણું**
**મો, નોંધો સરનામું મહાત્મ્ય પૂર્ણ પણે. !"**

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, આ શ્લોકમાં પણ શ્રીજીમહારાજે કેટલોક વિવેક બતાવેલ છે. ભાગવતની અંદર બાર(૧૨) સ્કંધો છે. બારે સ્કંધોમાં ભગવાનના અવતાર સ્વરૂપનું તથા ભગવાનના મહાન ભક્તોનું નિરૂપણ કરવામાં આવેલું છે. અને બારે સ્કંધો ભગવાનની લીલાવિભુતિ તથા નિત્યવિભુતિનું નિરૂપણ કરનારા છે, તેથી બારે સ્કંધો કલ્યાણકારી જ છે. છતાં પણ જો પરમાત્માનો અસાધારણ મહિમા જાણવો હોય તો પંચમ સ્કંધ અને દશમ સ્કંધને સર્વથી અધિકપણે જાણવા.

**"અજાણ્યા સત્સંગી રસ્તો ન જાણે..! પુછપરછ**
**ચોરે ચોરાટે આશા માણે;**
**શ્લોક અઠાણું મો અગુંલી ઇશારો તાણે, ને**
**પંચમ-દશમ સ્કંધ આશ્રય આણે."**

શ્રીમદ્‌ભાગવત પુરાણ એક કલ્પ વૃક્ષ છે, તેથી સંપૂર્ણ ભાગવત ઈચ્છિત મનોરથોને આપનાર છે. અને એ કલ્પવૃક્ષની નાની મોટી બાર શાખાઓ(ડાળખીઓ) છે, અને એ કલ્પવૃક્ષની બાર શાખાઓમાંથી દશમ સ્કંધ અને પંચમ સ્કંધરૂપી બે શાખાઓ મુખ્ય છે. કારણ કે પંચમ સ્કંધ અને દશમ સ્કંધની અંદર ભગવાનનો સર્વોત્કૃષ્ટ મહિમા વર્ણવેલો છે, માટે દશમ સ્કંધ અને પંચમ સ્કંધના અભ્યાસથી જ સંપૂર્ણપણે ભગવાનના મહાત્મ્યજ્ઞાનની સિદ્ધિ થઈ જાય છે. એજ કારણથી ભગવાનનું સર્વોત્કૃષ્ટ મહાત્મ્ય જાણવા માટે શ્રીમદ્‌ભાગવત પુરાણનો દશમ સ્કંધ તથા પંચમ સ્કંધ તેનો અભ્યાસ પણ વારંવાર કરવો એવો અભિપ્રાય છે.

**"ભાગવત પુરાણ કલ્પવૃક્ષ, છાંયે બેસો કલ્પો તે**
**મળે. શ્રીહરિના છાંયે દિવ્ય જ્ઞાન મળે, પંચમ-**
**દશમ સ્કંધે સિદ્ધિ મળે.!"**

માનવ પૂર્વ જન્મના કર્મબંધનોથી અજ્ઞાની રહે છે. અને શ્રીહરિની કૃપાએ સચ્છાસ્ત્રો દ્વારા વૈકલ્પિક, અખૂટ ને અકલ્પ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. નહિં તો પૂર્વાન્ત જન્મોના અદૃષ્ય કર્મો આ જન્મને દશ રીતે વીંખી પીંખી નાખે છે..!

**"ક્રોધ અક્કલને ધ્વસ્ત કરે, અહંકાર મરકટ**
**મન મારે, લાલચ પ્રમાણિકતા હરે, વ્યસન**
**જીવનને મૂળે મારે,**
**ઈર્ષ્યા પ્રગતિની બાધક બને, શંકા પ્રેમીના ઘર**
**ભૂલાવે, મોહ મોક્ષ માટે જન્માંતર કરાવે,**

**લોભ સર્વ સદ્‌ગુણ ભસ્મ કરે, ચિંતા આયુષ્ય**
**કોરી કોરી ખા..!"**

ચોર્યાશી લાખ યોનીઓના ભૌતિક શરીરોમાં ઈશ્વરીય સંચરણ તો છે જ, સાથે સાથે પંચમહાભૂતના માનવ બાવલાને પરમાત્માએ વિશેષાધિકારો પણ આપેલા જ છે.

પંચમહાભૂતના બાવલામાં પંચ તત્ત્વોનું ભૌતિક શરીર અન્નમયકોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ, આનંદમય કોષ ને

તદ્ ઉપરાંત આગળ પર ઈશ્વરનું સામ્રાજય વ્યાપ્ત છે.

આ પંચમહાભૂતનું બાવલું સદાય સ્વસ્થ ને તંદુરસ્ત રહી શકે તે માટે તેમાં ૫૦૦ પાંચ સો એક્યુપ્રેશર પોઈન્ટ તદુપરાંત સૂક્ષ્મ શરીરોમાં ૧૨૧ એક સો એકવીસ સૂક્ષ્મ ચક્રો પણ વ્યાપ્ત છે. જે સદાસર્વદા ગતિશીલ રહે છે...! આમાં ૭ સાત મુખ્ય ચક્રો મુલાધાર, સ્વાધિષ્ઠાન, મણીપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને સહસ્રાર ચક્રો જે શરીરની પાછળ પણ છ ચક્રો બેક ચક્ર બને છે અને માથા પર જે સહસ્રાર ચક્ર છે તે અનંત બ્રહ્માંડ સુધી ઈશ્વરીય સામ્રાજય સાથે સંપર્કમાં હોય છે. માનવીને આ બધાની જાણ ખૂબ ઓછી છે...! જો કે વર્ષો પહેલાં આ બાબતો ઋષિમુનિઓ ગુરુકુળોમાં ભણાવતા ત્યારબાદ આ પરંપરા વર્ષો સુધી ચાલી છેલ્લે અંગ્રેજોના શાસન બાદ ધીમી પડતા અત્યારે માત્ર ભૌતિક વિદ્યા ઉપર વધુ પડતો ભાર અપાય છે. વળી આ ૧૩ તેર ચક્રો સાથે આખાય શરીરમાં ૧૦૪ એક સો ચાર ચક્રો પણ વ્યાપ્ત છે...! આ બધાના આધારે માનવ જીવન વ્યવસ્થિત ચાલી શકે છે.

મંદિરમાં આવતા પ્રત્યેક સત્સંગી જ્યારે પ્રભુ ચરણે દંડવત્ પ્રણામે આળોટે છે, ત્યારે પ્રત્યેક સત્સંગીને શુદ્ધાતિશુદ્ધ કરી તેમની પ્રતિભા, વ્યવહાર, લાગણીઓ, ભાવનાઓ ને ભક્તિ બધાયને ઝગમગતાં કરે છે.

"પ્રભુ તવ ચરણે દંડવત્, આળોટું હું રોજ યથાવત;
કૃપા વર્ષાવો આપ કર્મવત્, મોક્ષમાર્ગ ચડાવો કૃપાવત..!"

## વર્તમાન સમયની સમસ્યાઓનું સમાધાન શિક્ષાપત્રી

તા. ૨૦/૧/૨૦૨૬ થી તા.૨૪/૧/૨૦૨૬, મંગળ, બુધ, ગુરુ, શુક્ર ને શનિવારના પાંચેય દિવસો વિશ્વભરમાં શિક્ષાપત્રીના નામે ધામધૂમથી ઉજવાશે. મંગળવારે શ્રવણ નક્ષત્ર, બુધવારે ઘનિષ્ઠા નક્ષત્ર, ગુરુવારે શતતારા નક્ષત્ર અને શુક્રવારે પૂર્વા ભાદ્રપદ નક્ષત્ર અને શનિવારે ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર આકાશમાં વિરાજમાન હશે અને ગુરુવારે શ્રીગણેશ જયંતી, શુક્રવારે વસંત પંચમી જેવા દિવ્ય દિવસો પણ છે.

બસો વર્ષ પહેલાં શ્રીસહજાનંદ સ્વામી મહારાજે સ્વમુખે શિક્ષાપત્રીનું ગાન કરેલ જે લિખિત સ્વરૂપે સદાસર્વદા મોજૂદ રહેશે.

ભારતની પવિત્ર ભૂમિ પરમાત્માના અવતારોથી ઝળહળીત છે, આજનું ટૂંકડું ભારત હજારો વર્ષ પહેલાં વિરાટ ને પૃથ્વી પટને આવરતું હતું. આજે આ ટૂંકડા ભારતમાં ૧૪૦ કરોડની વસ્તી છે. પરંતુ તેની આંખે ઉડીને વળગે તેવી તાકાત તો ૬૫% પાંસઠ ટકા ૮૦ કરોડ યુવાનોની છે. દશ વર્ષથી ૧૫ વર્ષના તદ્દન નવોદિત, ૧૬ વર્ષથી ૪૫ વર્ષ સુધીના અનુભવી યુવાનો અને ત્યારપછીના પ્રૌઢો ઈત્યાદિ. નવોદિત માટે શિક્ષાપત્રીની ઓળખ સાથે સ્વામિનારાયણ સંપ્રદાયની સામાન્ય સમજણ આપવાના કાર્યક્રમોનું આયોજન થાય એ જરૂરી છે.

અનુભવી યુવાનો માટે તેમની આધુનિક વિચારસરણી સાથે તેમનાંજ જીવનનો તાલમેલ મિલાવતી શિક્ષાપત્રીની ઊંચી અને અટપટી સમજણને સરળતાથી શીખવવાના કાર્યક્રમો હવે સ્વામિનારાયણ સંપ્રદાયે ખૂબજ ઝડપથી બદલાતા જતા આધુનિક યુગ સાથે કદમતાલ મિલાવતા જતા કાર્યક્રમો કરવાની જરૂર છે.

આધેડ અને વૃદ્ધો જેમનું સમાજમાં માન ને સ્થાન ઘટતું જતું હોય તેમને પોતાનામાંજ વિશ્વસનિયતા જગાડી શક્તિશાળી અને ખેલદિલ બનાવતા શિક્ષાપત્રીના વિચારોની જાણકારી વ્યાપક રીતે આપવાની જરૂર છે.

આવા વર્ગો માટેના વિવિધ કાર્યક્રમોમાં મંદિર, સંતો, સત્સંગીઓ ઉપરાંત બધાયની પ્રભાતફેરી, સંધ્યાફેરી ગામોગામ, ઘરેઘર આજે થાય છે તેનાં કરતાં ડબલ-ત્રબલ માત્રામાં કરવાની

હવે જરૂર જણાય છે.

રોજિંદી આરતીઓ, નિત્યનિયમો, દર્શન, ભજન-કીર્તન, સમૈયાઓ અને વિવિધ ઉત્સવોની ઉજવણીઓ પણ સમયના માપદંડ પ્રમાણે શાસ્ત્રની મર્યાદામાં રહીને ગુણવત્તા સાથે વધારવી અને તેમાં સૌને ઓતપ્રોત કરવા અનિવાર્ય થતું જાય છે.

શિક્ષાપત્રી, વચનામૃત ઉપરાંત અન્ય ગ્રંથો પણ જે લોકો મંદિરના દ્વારે પગ પણ નથી રાખતા, સંપ્રદાય વિશે પોતે કાંઇ જાણતા જ નથી અથવા તો ભ્રમિત થઇ વિરોધ જ કર્યા કરે છે તેઓ બધા વેદ, પુરાણ, સ્મૃતિઓ, શ્રુતિઓ તથા સત્શાસ્ત્રોમાંના સનાતન ધર્મના બિયારણ માટે ફળદ્રુપ ભૂમિ પૂરી પાડી રહ્યા છે અને તેમની પર ઝરમરીયા સનાતની ધાર્મિક, સાંપ્રદાયિક વિચારોની વૃષ્ટિ આવનારા ૨૦૦ વર્ષોમાં ફળદ્રુપતા અવશ્ય લાવશે એવો વિશ્વાસ જગાવીએ.

આજે યુવાનોના હાથમાં, કાનમાં ને ખિસ્સાઓમાં મોબાઇલ ઉપરાંત ઘણાં ઇલેકટ્રોમેગનેટિક સાધનો ભરાયેલાં પડ્યાં જ હોય છે, જેનો દુરુપયોગ પણ બદમાશ ને કામી લોકો ભરપૂર કરીને નાણાંથી ખાતાંઓ ભરી નાખે છે..! મંદિરોના માધ્યમથી સંતોએ તો પરમાત્મા વિચારાના દર્શન કરાવવાના હોય છે ને..! જો આ શરૂ થાય તો આવી જમીનની ફળદ્રુપતા અનેકગણી વધી જાય ને..! ચાલો જરા હજુ પણ ઊંડા ઉતરીએ..!

ગ્રામ્ય વિસ્તારના અભણ પરંતુ નિર્દોષ લોકો, રીટાર્યડ સરકારી કર્મચારીઓ, ફોજીઓ, વન-વગડામાં રહેતા ઝાંખા-પાંખા લોકો રમત-ગમત, શૈક્ષણિક જગતના યુવાનો, ખાણમાં મજૂરી કરતા ખાણીયાઓ, વનવાસીઓ, ગીરીવાસીઓ, પર્વતવાસીઓ આ સર્વે જ ફળદ્રુપ જમીનમાં જ છે ને..!

ભારતની સરહદ જે હજારો કિલોમીટર લાંબી લગભગ લશ્કરી સલામતી વિહિત છે ત્યાંથી દેશમાં ઘુસી આવતા વિદેશીઓ, વિધર્મીઓ જેમણે આપણાં દેશને બર્બાદીની સીમાઓ પર પહોંચાડી દીધો ત્યાંથી ફરી પાછા શાંતિગ્રસ્ત ધર્માધારિત, સનાતનાધારિત અને સંસારાધારિત કરવાની જવાબદારી પણ હવે તેમના સુધારકાર્યમાં સ્વામિનારાયણ સંપ્રદાય જે કાર્ય કરી શકે ને તેવા સરળથી વિકટ કાર્યક્રમો પણ કરવાની વ્યવસ્થા કેવી રીતે ગોઠવી શકાય એ વિચારવું જરૂરી છે.

આપણા પુરાણમાં ભારત દેશ પર વિધર્મીઓએ, વિદેશી રાષ્ટ્રોએ હજારો હજારો યુદ્ધો ખેલી વિરાટ ભારતને ટુંકાટચ ભારતમાં બદલાવી નાખ્યો છે, સનાતન ધર્મને ભ્રષ્ટ કરવા ને ખતમ કરવા પાઠ્યપુસ્તકોમાં ૧૭ પંથો જ બતાવ્યા છે. આજે ભારતની કેન્દ્ર સરકાર ને વડાપ્રધાનશ્રીએ ૨૫૦ વર્ષ જૂના કાયદાઓને ફાડીફોડી કચરા ટોપલીમાં ફેંક્યા છે..! અને તેને સ્થાને એવા આધુનિક કાયદાઓ ઘડ્યા છે, જે આવતા ૨૦૦ વર્ષો સુધી અવશ્ય ટકે જ. આખું જગત પરિવર્તનશીલ છે, તો હવે સનાતન ધર્મે તેના મૂળભુત સિદ્ધાંતોને હૂબહૂ ટકાવી રાખી ને નવી ન નવીનતમ પેઢીને પૂરતી સમજણ આપવી જ રહી જેમાં સર્વે ધર્મોની તૃટીઓથી આગળ જઇ વાસ્તવિક ભૂમિકાપર તો આપણો શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય જે શ્રેષ્ઠતમ સ્થિતિમાં છે જ પણ એજ સ્વરૂપમાં સમાજમાં મૂકવાની જરૂર છે.

ચાલો આપણે સૌ વિચારીએ કે પરમાત્માનું અવતરણ શા માટે ને કોના માટે થયું હતું.? પરમાત્માના પ્રત્યેક અવતાર તેમના ભક્તો માટે ને તેમની રચાયેલ રચનાઓ માટે થયા છે.

મત્સ્યાવતારે પૃથવી તારી, નૃસિંહવતારે ન'હોર મારી, રામાવતારે તેર તીર મારી, શ્રીકૃષ્ણાવતારે સુદર્શન મારી, દુષ્ટ રાક્ષસોને મૂળે માર્યા; શ્રીહરિએ દિવ્ય વિચારોએ તાર્યા..! ને શિક્ષાપત્રીએ મીર માર્યા..!

આ જગત પર હજારો વર્ષોથી જન્મ્યા અને મૃત્યુ પામતા માનવો શા માટે જન્મ્યા અને શા માટે પરમાત્માએ આપેલ શ્વાસોશ્વાસની નિયત સંખ્યા ભોગવીને લાખો દાકતરોને અનેક રોગો મટાડવાની

દવાઓ ઉપલબ્ધ હોવા છતાં રાજાથી રંક, ધનિકથી નિર્ધન અને સ્વયં ઈશ્વરના અવતારોએ પણ વિદાય લીધી હશે ?

આના મૂળમાં વેદો અને સત્શાસ્ત્રો પ્રમાણે સૌ પ્રથમથીજ સર્જાયેલ 'કર્મ'નો ગુઢ સિદ્ધાંત જ કામ કરી રહ્યો છે.

અવતારોના પ્રાગટ્ય પહેલાની પરમ ભક્તો પ્રત્યે દર્શાવાયેલ કૃપા અને કરૂણાના કારણો સંકળાયેલા છે. અને આદિવાસીથી આધુનિકત્તમ માનવોના અરબો-અરબો અને ચોર્યાશી લાખ યોનિઓનું ભ્રમણ પણ સંકળાયેલું હોઇ, તેની માત્ર સૈદ્ધાંતિક ચર્ચા જ સંભવ છે, મોટું ને સમગ્ર વર્ણન ન જ કરી શકાય, તેથી કર્મના સિદ્ધાંતની વ્યાપત સમજણ આપી શકાય અને તે માટે સૌથી શ્રેષ્ઠત્તમ છે, ભગવા વસ્ત્રધારી મંદિર સ્થિત સાધુ-સંતો ને સદ્‌ગુરુઓ જગત પર જુદા જુદા શક્તિશાળી બે-ત્રણ ધર્મોમાં કોઈ સેવાના સંહારે ધર્મપરિવર્તન અને કુકર્મ અને શોષણ કરી ભારતની વિશાળ વસ્તીને ભોળવી, મૂર્ખ બનાવી પોતાનાં ધર્મની સંખ્યા મોટી છે તેમ બતાવે છે.

કોઈ ધર્મમાં મહિલાઓને નિકૃષ્ટ, જીવતું બાળકો પેદા કરતું યંત્ર માનીને જે પરમાત્માથી છૂટું પડેલ જીવાત્માવાળીઓને માત્ર ને માત્ર ૧૬૦૦ વર્ષમાં વિશ્વમાં સર્વ શ્રેષ્ઠ બતાવવા વલખાં મારે છે.

જો આફ્રિકા, મેક્ષિકો જેવો પ્રદેશોમાંથી રામાયણ, મહાભારતના વખતના રથોના વિચ્છિન્ન ટુકડાઓ અને ખંડિત મૂર્તિઓ નીકળતી આવતી હોય ને 'સનાતન ધર્મ' કેટલો જૂનો હશે તેની વાર્ષિક સંખ્યામાં નહિં પરંતુ પૃથ્વીપરની વ્યાપતાથી માનવને મોક્ષ સમજાવનારો જાણવો જરૂરી છે.

આજે મંદિરના સત્તાધીશો દ્વારા દઢ નિર્ણય કરીને સેંકડો વર્ષોથી ખોદાતી પૃથ્વીપરના 'અસ્મિભુત અવશેષો' શક્ય હોય તો એકઠાં કરીને, નહીં તો ચિત્રિત અને શાબ્દિક શિક્ષણ દ્વારા સમજાવી શ્રીસ્વામિનારાયણ મંદિરની ધજાને ફરફરકાવતી કરી શકાય છે. આને માટે મોટા મોટા મંદિરોમાં 'શૈક્ષણિક વિભાગ' ટ્રેનિંગ આપી શકાય.

વિકસતા વિજ્ઞાનની હરણફાળમાં મંદિરની આર્થિક અને બૌધિક શક્તિનો ઉપયોગ કરી 'ડ્રોન' મારફતે, અલબત જો જરૂરત જ હોય તો કેન્દ્ર કે રાજય સરકારની આગોતરી રજામંદી લઈ જે જે વિસ્તારોમાં સત્સંગની ભાવફેરી, ભક્તિફેરી કે ઘરફેરી ન કરી શકાતી હોય તેમના સુધી 'ડ્રોન' મારફત માનવો તથા નાના દિવ્ય સિદ્ધાંતને લક્ષમાં રાખી ચારે તરફ વેરી શકાય. જો 'ડ્રોન'થી દુશ્મનો, હથિયારો, ગાંજો, ઝેરી દવાઓ ફેંકીને લશ્કરને આફતમાં નાખે છે, તેના કરતાં આવા પ્રચારો સ્વીકાર્ય બની શકે ખરા.

વર્તમાન સમયમાં યુવાવર્ગ કુસંગ અને ફિલ્મોના માધ્યમથી દારુ, સિગારેટ, ગુટકા, ઈ-સિગારેટ જેવા શરીર, પરિવારને નુકશાનકારક વ્યસનોમાં વ્યસ્ત થતો જાય છે. ત્યારે સૌ પરિવાર પોતાના સંતાનો સાથે પ્રેમપૂર્વક વ્યવહાર દ્વારા એમને બચાવી શકે છે. અને બચાવવાના ઉપાયોમાં ઘરે જ પવિત્ર ભોજન બનાવી ભગવાનને ધરી પરિવાર સાથે મળીને પ્રસાદ લે અને સંયુક્ત પરિવારમાં રહેવાના લાભોથી માહિતગાર કરે. સમય ચાલ્યો જાય છે ત્યારે મોટી ઉંમરે સમજણ આપવાથી માબાપ પ્રત્યેજ સંતાનોને અનાદાર થઈ જાય છે. આજે જ્યારે દેશમાં ડેમોગ્રાફી બદલી રહી છે ત્યારે માતાપિતા દ્વારા ઉદાસ થયેલ સંતાનો શોષણના ભાગી બને છે અને અન્ય જ્ઞાતી અથવા વિધર્મીઓ સાથે ભાગી જવાના કિસ્સાઓ પણ વધવા લાગે છે. ધ્યાનથી અભ્યાસ ન કરવાથી અથવા અન્ય કમાવાની કળાઓથી વંચિત રહેવાથી યુવા વર્ગ કેમ સુલભતાથી વધુ પૈસા મળે એના પ્રયત્નોમાં ફોનની લોભામણી જાહેરાતોમાં આવી પૈસા ગુમાવી રહ્યો છે ત્યારે સારા મિત્રો અથવા માતાપિતા જ એમને માટે માર્ગદર્શક છે.

આવો સનાતન ધર્મના સારભૂત શિક્ષાપત્રીના વાંચન તરફ વળીએ સંતોનો સમાગમ અને સત્સંગ જ સમસ્યાઓનું સમાધાન છે.

# ભુજ મંદિરે દિપાવલી-અન્નકૂટ ઉત્સવ ઉજવાયો

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા અને આશીર્વાદથી દિવાળીના ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા.

★ **ધનત્રયોદશી (ધનતેરસ)** :- ધનના બે અર્થ છે, ધન (પૈસો) અને ધણ (ગાયોનું ધણ) એટલે ધનતેરસ. ધણતેરસ અને ધનતેરસ. પૂર્વે ગાયોનું ધણ જ મુખ્ય મિલ્કત ગણાતી એનું પૂજન કરવામાં આવતું. કાળક્રમે ગોધનની સાથે ધનની પૂજા પણ થવા લાગી.

★ **ધન્વન્તરી જન્મોત્સવ** :- આજે દેવોના વૈદ્ય ધન્વન્તરીનો પણ જન્મદિન છે. દેવોને ધન્વન્તરી પાસેથી અમૃત તો મળ્યું પણ અધ્યાત્મ ધન વિના તેમને પણ અશાંતિ થઇ અને પછી શુકદેવજી પાસેથી ભાગવત અમૃતનું કથાપાન કર્યું ત્યારે શાંતિને પામ્યા.

આજના દિવસે સંતોએ આપણા મંદિરની ગૌશાળામાં ગાયોની પૂજા કરી તથા આયુર્વેદ ઔષધાલયમાં ધનવન્તરી ભગવાનની પૂજા કરી ઉત્સવ ઉજવ્યો હતો.

★ **કાળીચૌદશ** :- શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ આસો વદ ચૌદસના દિવસે હનુમાનજીનું પૂજન કરવું એવી આજ્ઞાથી આજના દિવસે ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતોએ સંધ્યાકાળે હનુમાનજીની વિશેષ પૂજા સાથે આરતી કરી હતી.

★ **દીપાવલી** :- આ દિવસે -સમુદ્રમંથન વખતે સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ્યા. -શ્રીરામ લંકા વિજય કરી અયોધ્યા પધાર્યા.

-પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ પ્રગટાવ્યા. -૧૨ વરસનો વનવાસ વેઠી પાંડવો પાછા હસ્તિનાપુર પધાર્યા.

સમગ્ર પૃથ્વી પર આવી શુભ ઘટનાઓ આ દિવસે નોંધાઈ હોવાથી પ્રજા ખુશ થઈને અને દીવા પ્રગટાવી આનંદ વ્યક્ત કરે છે માટે આ ઉત્સવ દીપોત્સવી કહેવાય છે. માનવી હંમેશા આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલો જ હોય છે. તેમાંથી જે દિવસે મુક્ત થાય તે દિવસ તેના માટે દિવાળીનો આનંદનો દિવસ છે.

-ચોપડા પૂજન-સરસ્વતી પૂજન-શારદા પૂજન. વેપારીઓ ચોપડા પૂજન દ્વારા આ દિવસે પોતાના આગામી વર્ષના હિસાબ શુદ્ધ રાખવાની ભાવના કરે છે. શારદા કે સરસ્વતી પૂજન પણ આ દિવસે થાય છે. શ્રીજીમહારાજ કહે, "જ્યારથી સત્સંગ થયો ત્યારથી સત્સંગનું નામું રાખવું (ગ.પ્ર.-૩૮)" આપણે પણ આપણો ચોપડો ચોખ્ખો રાખવાનો છે.



દિવાળીના રોજ બપોર પછી ચાર વાગ્યે મંદિરમાં સમૂહ ચોપડાનું પૂજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ભુજ શહેરના વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતના ઉદ્યોગના ચોપડાનું પૂજન કરવા





સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો કોઠારી હરિભક્તોએ લક્ષ્મીપૂજન કર્યું હતું.

**દિપોત્સવઃ-** દિવાળીના સાંજે ૧૧ હજાર દિવડાઓ દ્વારા ભુજ મંદિરના પટાંગણમાં દિપોત્સવ કરવામાં આવ્યો હતો. યુવાનો તથા યુવતીઓ, સંતો, સાં.યો. બહેનોએ આ વ્યવસ્થામાં સહયોગી થયા હતા. પૂજ્ય મહંત સ્વામીએ દિપોત્સવની આરતી પહેલાં સમગ્ર કચ્છના હરિભક્તો-ભાવિકોને નવા વર્ષની પૂર્વ સંધ્યાએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**રંગોળી સ્પર્ધા :-** કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળના બહેનો દ્વારા ભુજ

આવેલા. પૂજ્ય મહંત સ્વામીએ દરેક વેપારી વર્ગને ધંધામાં ભગવાન ભરકત આપશે એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. વેપારીઓ રાજી થયા હતા. અને સાથે સાથે પૂજ્ય મહંત સ્વામી, ઉપમહંત

મંદિરમાં રંગોળી સ્પર્ધા કરવામાં આવી હતી. વિવિધ આકૃતિઓથી વિવિધ કલરો પૂરી આકર્ષક રંગોળી બનાવી પોતાની કળા ભગવાનને અર્પણ કરી હતી અને સંતો, સાં.યો. બહેનો નિહાળી








રાજીપો વ્યક્ત કર્યો હતો.

મંદિરના ઘુમ્મટમાં પણ લીલા શાકભાજી તથા ફળો દ્વારા અતિ આકર્ષક વિશાળ રંગોળી બનાવી હતી. જેમાં સંતો તથા યુવાનો પોતાની કળા શ્રીહરિને અર્પણ કરી રાજી થયા હતા અને પૂજ્ય સંતો તથા હરિભક્તો નિહાળી રાજી થયા હતા.

પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી સમગ્ર ઉત્સવોની વ્યવસ્થા ભુજ મંદિરના નાના-મોટા સંતોએ કોઠારી સંતોની દેખરેખ હેઠળ સંભાળી હતી.

**નૂતનવર્ષ-બેસતું વર્ષ-અન્નકૂટોત્સવ :-** વિક્રમ સંવતનો પ્રથમ દિવસ એટલે કાર્તિક સુદ એકમ પડવો. ભગવાન વેદવ્યાસજી યુધિષ્ઠિરને આ દિવસનો મહિમા આ રીતે સમજાવે છે.

હે યુધિષ્ઠિર ! આ પડવાને દિવસે જે વ્યક્તિ આનંદમાં રહે છે, તેનું આખુંય વર્ષ આનંદમાં વીતે છે, જે દુઃખમાં રહે છે તેનું આખુંય વર્ષ દુઃખમાં વીતે છે. આમ આ મંગલપર્વ આખા વર્ષના આનંદ અને સુખ પામવાનો દિવસ છે.

અન્નકૂટ ઉત્સવ શ્રીજીમહારાજની હાજરીમાં અનેક જગ્યાએ ઉમંગભેર ઉજવાતો. શ્રીહરિને આ ઉત્સવ માટે અનેરો ઉત્સાહ પણ હતો. એકવાર શ્રીહરિએ ભુજમાં બિરાજમાન હતા ત્યારે અન્નકૂટ ઉત્સવ ઉજવવાનું વિચાર્યું. તે પ્રસંગે સૌને લાભ લેવા આવવાનું આમંત્રણ આપતા શ્રીજીમહારાજે તે સમયે કંકોતરીઓ લખાવી તેનું વર્ણન શ્રીહરિચરિત્રામૃતસાગર (૧૨/૪૫) માં આ મુજબ છે.

આજના નૂતન વર્ષના નવલા પ્રભાતે ભુજ મંદિરે સવારે મંગળા આરતી ૫ વાગ્યે કરવામાં આવી હતી. આરતી બાદ સૌ સંતો સભામંડપમાં આવ્યા. કથા પૂર્ણ થયા બાદ કચ્છ સત્સંગના ગુરુ પૂજ્ય મહંત સ્વામીને દંડવત્ પ્રણામ કરી સૌ સંતો એકબીજાને બાથમાં ઘાલી મળ્યા હતા અને મોટા સંતો નાના સંતોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.



છેલ્લા ૧૫ દિવસથી રાત-દિવસ સંતો, સાં.યો.બહેનો તથા હરિભક્તોએ મહારાજને યાદ











કરી વિવિધ પકવાનો, ફરસાણો, વ્યંજનો તૈયાર કરી શ્રીઠાકોરજી આગળ ધરવામાં આવ્યા હતા. ૯-૩૦ કલાકે પૂજ્ય મહંત સ્વામી આદિ સંતોએ અન્નકૂટોત્સવની આરતી કરી હતી.

ભુજ શહેર તથા ચોવિસી, વાગડ, અબડાસા સહિત સમગ્ર કચ્છ વિસ્તાર તેમજ ગુજરાત ભરમાંથી આવેલ હજારો હરિભક્તો નવા વરસે અન્નકૂટ આરોગતા શ્રીઠાકોરજીના દર્શન કરી ધન્ય થયા હતા. આજે ભુજ મંદિરમાં વિના આમંત્રણે સમગ્ર કચ્છ-ગુજરાત આમંત્રિત હોય છે અને દરેકને બપોરે મહાપ્રસાદ લેવાનો હોતાં હજારો હરિભક્તો પ્રસાદ લઈ તૃપ્ત થયા હતા. સાંજે ૫ વાગ્યા સુધી દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યાં હતા. અને ૬-૪૫ શયન આરતી બાદ શ્રીઠાકોરજી વહેલા પોઢ્યા હતા.

ભુજ મંદિર દ્વારા કચ્છના, દેશ-વિદેશના કોઈપણ રાજ્ય કે દેશમાં રહેતા હોય એમનો પોસ્ટ દ્વારા શ્રીનરનારાયણદેવનો અન્નકૂટનો પ્રસાદ પહોંચાડવામાં આવે છે. પૂજ્ય મહંત સ્વામીનો ઉપદેશામૃત, નિર્ણય સાથે પ્રસાદ દર વર્ષની જેમ આ વરસે પણ મૂકવામાં આવ્યો હતો. હરિભક્તો મોટી સંખ્યામાં આવતા હોઈ થાળ ભરવાની વ્યવસ્થા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ કરી હતી અને પીરસવાની સેવા પણ યુવાનો-યુવતીઓએ કરી હતી.

# અંજાર મંદિરે ઉત્સવોની ઉજવણી



**શરદોત્સવ :-** શરદપૂર્ણિમા રાસોત્સવ આસો સુદ પૂનમે તા.૬/૧૦/૨૦૨૫ના રોજ ભવ્ય રીતે ઉત્સવ ઉજવાયો. શરદપૂનમના રાત્રે રાસોત્સવ શ્રીસ્વામિનારાયણ મંદિરે ઓર્કેસ્ટ્રા સાથે ધામધૂમથી ઉજવાયો, સર્વે સત્સંગિઓ પધારી ચાંદની રાતે ઠાકોરજી તથા સંતો સથવારે રાસ માણ્યો હતો, બહેનોએ બહેનોમાં અલગથી રાસ લીધેલ હતો. દુધપૌવાના પ્રસાદ સાથે કાર્યક્રમ સમાપન કરવામાં આવ્યો.

**દિપોત્સવી ઉત્સવો :-** વિક્રમ સંવતનું નવું વર્ષ ૨૦૮૨ના આગમનને ધામધૂમથી ઉજવવામાં આવ્યું હતું. તા.૧૮ થી ૨૨ ઓકટોબર દરમ્યાન ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી તથા નૂતનવર્ષ. ઉજવાયેલ હતા. તા.૧૮ના ધનતેરસના રોજ ગાયોનું પૂજન કરવામાં આવ્યું હતું તથા કાળીચૌદશે હનુમાનજીનું પૂજન સાંજે ખૂબ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે પ.ભ.રતનશીભાઇ કરમશીભાઇ પોકાર પરિવાર-અંજાર રહ્યા હતા, સ.ગુ.શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ.ગુ.શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, સ.ગુ.પુ.સ્વામી પરમહંસદાસજીએ આશિર્વચન પાઠવેલ અને સંચાલન શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ કરેલ તથા વ્યવસ્થા શાસ્ત્રી સ્વામી પુર્ણપ્રકાશદાસજી તથા સ્વામી સત્સંગસેવકદાસજી આદિ સંત મંડળના સાથસહકારથી કરવામાં આવેલ, સંગીત વ્યવસ્થા શાસ્ત્રી સ્વામી ભજનપ્રકાશદાસજી ની ટીમે સંભાળેલ હતી. હરિભક્તોએ ખૂબ ઉત્સાહથી





મોડે સુધી માણેલ ત્યારબાદ પ્રસાદ લઈને છુટા પડ્યા. તા.૨૦ દિવાળીના રોજ લક્ષ્મીપૂજન-ચોપડાપૂજન તથા તા.૨૧ના સાંજે દિપોત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું પરંપરા મુંજબ માટીના દિવળાઓમાં દિવેલ પુરી દિપને પ્રગટાવામાં આવ્યા ત્યારે મંદિરનો નજારો અદ્‌ભુત હતો, જેને નિહાળી સૌ આનંદિત થયા. તા.૨૨ના દિવસે સવારે સ્નેહમિલન અને

ગોવર્ધનપૂજન બાદ સંતો, સાં.યો. બહેનો દ્વારા બનાવવામાં આવેલ ૫૦૦૦ કીલોની વિવિધ વાનગીયો. અન્નકૂટના રૂપમાં શ્રીઠાકોરજી આગળ ધરાવવામાં આવ્યો હતો. સવારે ૯ થી સાંજે ૫ દરમ્યાન અંજાર શહેર તથા કચ્છના અનેક ભક્તો દર્શનનો લાભ લીધો હતો.

સમગ્ર આયોજન સ.ગુ.ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, વડીલ સ.ગુ.શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ.ગુ.શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, સ.ગુ.શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી, સ.ગુ.પુ.સ્વામી પરમહંસદાસજી, વેદાન્તઆચાર્ય સ્વામી સિધ્ધેશ્વરદાસજી, પુરાણી સ્વામી સાર્યુદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રકાશદાસજી , કોઠારી સ્વામી સત્સંગસેવકદાસજી આદિ સંત મંડળના શુભ સંકલ્પથી અને માર્ગદર્શન મુજબ નાની નાગલપર તથા અંજાર શહેરના યુવાનો તથા બહેનો ખૂબજ મહેનત કરી મહારાજને રાજી કર્યા હતા. ભરત ખંડના રાજાધિરાજ શ્રીનરનારાયણદેવ, અંજાર શ્રીઘનશ્યામ મહારાજના ચરણોમાં પ્રાર્થનાસહ શુભ દિપાવલી નૂતનવર્ષના અભિનંદન સંતોએ હરિભક્તોને પાઠવ્યા હતા.

અહેવાલ - ઠક્કર મેહુલભાઈ પ્રવિણચંદ્ર (અંજાર).

## દિપાવલી પર્વ - અન્નકૂટ ઉત્સવ - થાણા

**ધનતેરસ :-** તા.૧૮/૧૦/૨૫ શનિવાર ધનતેરસના પવિત્ર દિવસે ગાયમાતાનું પૂજન કરી ગોળ-લાડુ જમાડી આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ કામોઠામાં યુવક મંડળની સભામાં દિપાવલી પર્વમાં આવતા ઉત્સવોની કથા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સંભળાવી હતી અને સભાને અંતે પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**કાળીચૌદશ :-** તા.૧૯/૧૦/૨૫ રવિવાર કાળીચૌદશના દિવસે કુળદેવ શ્રીહનુમાનજી મહારાજનું વિધિવત પૂજન પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી તથા હરિભક્તોના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સુખડીનો ભોગ ધરાવવામાં આવ્યો પછી આરતી કરી હનુમંત સ્તોત્રનો પાઠ કરી પુષ્પાંજલિ અર્પણ કરી સૌ સંતો-ભક્તો દંડવત્ પ્રણામ કરી દર્શન કર્યા બાદ ભક્તોને સુખડીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

**લક્ષ્મી પૂજન-ચોપડા પૂજન :-** તા.૨૦/૧૦/૨૫ સોમવાર આસો વદ અમાસના દિવસે સાંજે ૫-૦૦ વાગ્યે ચોપડા પૂજન-લક્ષ્મી પૂજન કરવામાં આવ્યું હતું. તેમાં મુંબઈના અલગ અલગ વિસ્તારમાં રહેતા વેપારી હરિભક્તો ઉપસ્થિત રહી પોતપોતાના ઉદ્યોગોના ચોપડાનું પૂજન કર્યું હતું. અને પૂજનના અંતે સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ચોપડા પૂજન અને લક્ષ્મી પૂજન શા માટે કરવામાં આવે છે એની વાત કરી ત્યારબાદ આરતી કરીને પૂજન પૂર્ણ કરવામાં આવ્યું હતું.

**દિપોત્સવ :-** તા.૨૧/૧૦/૨૫ મંગળવાર દિવાળીના દિવસે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળની બહેનો દ્વારા સુંદર રંગોળી બનાવી તેમાં દીવડાઓ ગોઠવવામાં આવ્યા અને એના માધ્યમથી શ્રીહરિકૃષ્ણમહારાજને પધરાવીને સંતો દ્વારા આરતી કરવામાં આવી ત્યારબાદ સિંહાસનમાં







બિરાજમાન ભગવાનની આગળ સુંદર દિપમાળા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા કરવામાં આવી અને સુંદર દિપમાળાના મધ્યમાં બિરાજમાન ભગવાનના દર્શન કરી ભક્તો ધન્યતાનો અનુભવ કર્યો.

**નૂતન વર્ષ-અન્નકૂટ ઉત્સવ :-** તા.૨૨/૧૦/૨૫ બુધવારના વિક્રમ સંવત ૨૦૮૨ કાર્તિક સુદ એકમના દિવસે સવારે ૬-૩૦ વાગ્યે ઠાકોરજીની મંગળા આરતી કરી ત્યારબાદ વચનામૃતની દિવ્ય કથા પુરાણી સ્વામી હરિમુકુંદદાસજીએ સંભળાવી હતી અને પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજીએ નવા વર્ષના રૂડા આશીર્વાદ પાઠવ્યા અને સંતો-ભક્તોનું સ્નેહમિલન થયું ત્યારબાદ સત્સંગ ભવનન થાણામાં બિરાજમાન શ્રીભગવત્સ્વરૂપોનો સંતો-સાં.યો.બહેનો તેમજ થાણા-આયરોલીમાં વસતા હરિભક્તો ઘરે ઘરેથી બનાવીને લાવેલ થાળની ૨૦૦થી વધારે વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો અને સંતો અને યજમાનો દ્વારા આરતી કરવામાં આવી હરિભક્તોએ દર્શન કરી લીધા બાદ સાં.યો.બહેનો અને યજમાન બહેનો દ્વારા પણ આરતી કરવામાં આવી. સવારે ૮-૧૫ ખી સાંજે ૫-૦૦ વાગ્યા સુધી અનેક ભક્તો અન્નકૂટના દર્શન કરી ભાગ્યશાળી થયા. અને બાદમાં સૌ ભક્તોને અન્નકૂટનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

આ દિપાવલી પર્વ-અન્નકૂટ ઉત્સવની સેવામાં સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી જયહરિદાસજી, સાં.યો.બહેનો તેમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો, મંદિરના ટ્રસ્ટીશ્રીઓ તેમજ અન્ય ભક્તો જોડાયા હતા.

અ - સ્વામી શ્યામકૃષ્ણદાસજી

# શરદ પૂર્ણિમા મહારાસોત્સવ - થાણા-મુંબઇ



ભુજનગર નિવાસી શ્રીનરનારાયણ ભગવાનની અહેતુકી કૃપા અને ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ આજ્ઞાથી થાણા સત્સંગ ભવનના આંગણે આવી રહેલ "શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ"ના ઉપક્રમે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ બૃહદ મુંબઈ દ્વારા શરદ પૂર્ણિમા મહારાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

શરદ પૂર્ણિમા એટલે શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓ સાથે વૃંદાવનમાં રાસ રમ્યા એ પવિત્ર દિવસને આજ દિવસ સુધી વૈષ્ણવ પરંપરામાં ઉજવવામાં આવે છે. તે દિવસે ઠાકોરજીને દૂધપૌવાનો થાળ ધરાવવામાં આવે છે. એ નિમિત્તે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ- થાણા, આયરોલી, પવઈ, કામોઠા, ખારઘર અને નેરુલ એ સાથે મળીને શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવનને ૧૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે તે નિમિત્તે ઉજવાશે એ "શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ-થાણા"ના ઉપક્રમે શરદ પૂર્ણિમા મહારાસોત્સવનું આયોજન તા.૧૫/૧૦/૨૦૨૫, રવિવારના દિવસે સુનિલ ચૌગુલે સ્પોર્ટસ ગ્રાઉન્ડ-આયરોલીમાં કર્યું હતું. જેમાં ભુજ મંદિરથી મંડળધારી સદ્‌ગુરુ સ્વામી પુરાણી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, થાણા સત્સંગ ભવનના સંચાલક પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી, પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજી, વિલેપાર્લેથી પુરાણી સ્વામી કેશવપ્રિયદાસજી આદિ ૧૮ સંતો તેમજ રાપરથી ત્રણ સાં.યો.બહેનો રાસોત્સવમાં પધાર્યા હતા.



પધારેલ સંતો અને સાં.યો.બહેનો અને હજારો હરિભક્તો સાથે મળીને સંગીતના તાલે અને સંગીતકાર સ્વામી ભજનપ્રકાશદાસજી તથા ભાવેશ રાજપૂતના સુમધુર સ્વરે ગવાયેલ કીર્તનોના માધ્યમે રાસ રમી દિવ્ય આનંદ માણ્યો હતો. અને આ રાસોત્સવમાં શિવસેનાના ઉપનેતા માનનીય વિજય ચૌગુલે પધાર્યા હતા. રાસ જોઈને ખૂબ પ્રભાવિત થયા હતા અને સંતો દ્વારા એમનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાસના અંતે સંતોનું પૂજન કરવામાં આવ્યું અને ત્યારબાદ ભક્તોને આશીર્વાદ આપેલ. અને ત્યારબાદ રાસમાં ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને સારું રમનારા ૧ થી ૩ નંબર બાળકો-બાલિકાઓ-યુવાનો-યુવતીઓનું સંતો અને સાં.યો.બહેનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

રાસોત્સવની તૈયારીમાં સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી અને કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો જોડાયા હતા. રાસોત્સવમાં સભાસંચાલન સ્વામી કપિલમુનિદાસજીએ કર્યું હતું.

અ - કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ બૃહદ મુંબઈ

## ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય બોર્ડર ઉપર સેવા બજાવતા સૈનિકોને ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા અન્નકૂટ પ્રસાદનું વિતરણ

ભુજ મંદિરમાં ૨૦૮૨ ના નવા વર્ષે અન્નકૂટ ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો દેશની સુરક્ષામાં રાત દિવસ એક કરી સેવા કરતા ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય બોર્ડર ઉપર સેવા બજાવતા સૈનિકોને ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સંતો ડોક્ટર સ્વામી સત્યપ્રસાદદાસજી આદી સંતો મહંત સ્વામીના સુભાશિષ  સાથે અન્નકૂટ પ્રસાદ અર્પણ કરાયો હતો જેમાં ભારત પાક આંતરરાષ્ટ્રીય બોર્ડર ભેળીયાબેટ હનુમાનજી મંદિરની બાજુમાં આવેલ બીએસએફ ચોકી, હરદોઇ ચોકી, વિઘાકોટ ચોકી, ખાવડા મિલિટરી ટ્રેનિંગ કેમ્પ, ઈન્ડિયા બ્રિજ ચોકી, ધર્મશાલા ચોકી વિગેરે જગ્યાએ રહેતા ૯૦૦ થી વધુ સૈનિકોને અન્નકૂટ નવા વર્ષની શુભેચ્છાઓ સાથે પ્રસાદ અપાયો હતો સાથે પાલારા ભુજની જેલમાં રહેતા કેદીઓને પણ પ્રસાદ અપાયો હતો.



।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।। ટ્રસ્ટ રજી. નં. A ૨૩ (કચ્છ)

# શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ (કચ્છ)

## Shree Swaminarayan Temple - Bhuj

Shree Swaminarayan Road, Bhuj-Kutch-370 001. M.: 75676 07000 / 75676 08000


તા. ૦૧/૧૧/૨૦૨૫

સ્વસ્તિશ્રી...................મહાશુભ સ્થાને કૃત નિવાસ, ઉત્તમોત્તમ પરમ પવિત્ર શ્રી પ્રગટ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ઉપાસક, શ્રીજી મહારાજ કૃત ધર્મ, મર્યાદા પાલન તત્પર, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ શુભ ગુણે સંપન્ન, દેવ, આચાર્ય, સંત, સત્સંગ, સેવા પરાયણ શ્રીજી મહારાજના પરમ લાડીલા સત્સંગ શિરોમણી સર્વે સત્સંગી હરિભક્તો પ્રત્યે,

અત્રે શ્રી નરનારાયણદેવના ચરણ કમળ સાંનિધ્ય શુભ સ્થાન શ્રી ભુજ નગરથી લી. તમોને હરહમેશ યાદ કરનારા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ. પુ. સ્વામી ભગવજીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા કોઠારી શા. સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ સર્વે સંતમંડળ તથા ટ્રસ્ટીમંડળના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષમાં આથી સર્વે સત્સંગી હરિભક્તો તથા વાચકોને ખાસ જણાવવાનું કે, હાલમાં જ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભુજ મંદિરના પટાંગણમાં ખાસ ઈન્ફોર્મેશન (માહિતી) ઓફિસનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ્ય સર્વે સત્સંગીઓને સંસ્થા સંબંધિત જરૂરી સામાન્ય માહિતી આપી એક સુચારૂવ્યવસ્થા ગોઠવવા માટેનો છે.

આ ઓફિસમાંથી દેશ તેમજ વિદેશના હરિભક્તો મંદિર દ્વારા કરવામાં આવતી ઉતારા, ભોજનપ્રસાદ, થાળ-રસોઈ, દાન-ભેટ, ઉત્સવ-સમૈયા જેવી બાબતોની માહિતી ઓફિસના નીચે આપેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરીને મેળવી શકશે.

કચ્છ જિલ્લાની બહારથી દર્શનાર્થે આવતા હરિભક્તો અગાઉથી ભોજનપ્રસાદની વ્યવસ્થા માટે ઓફિસનો સંપર્ક કરી આવવાની તારીખ, સમય તેમજ ભોજનપ્રસાદ લેનાર પ્રવાસીઓની સંખ્યાની નોંધ કરાવી શકશે. જેથી અત્રે યોગ્ય આયોજન થઈ શકે. તો સર્વે સત્સંગી હરિભક્તો માહિતી ઓફિસના નીચે મુજબના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરી પોતાને જરૂરી વિગતો મેળવવા અનુરોધ કરવામાં આવે છે.

**ભુજ મંદિર માહિતી ઓફિસ મો. નંબર : ૮૨૩૮૮ ૨૩૮૭૪**

અત્રેથી સર્વે સંતમંડળના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. ત્યાં નાના-મોટા સર્વે સત્સંગી હરિભક્તોને અમારા જય શ્રી સ્વામિનારાયણ કહેશો.

મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શુભ આશિર્વાદ સહ સપ્રેમ
જય શ્રી સ્વામિનારાયણ વાંચશો

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં બાળ મેળા અંતર્ગત ફૂડ ફેસ્ટિવલની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અને ઘનશ્યામ વિદ્યાલય શાળામાં બાળ મેળા અંતર્ગત ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ વાનગીઓ અને વિવિધ રમતોના ૨૦ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમમાં સર્વે વાલીશ્રીઓ વિદ્યાર્થીઓની સાથે હોંશભેર જોડાયા હતા. શાળા સંચાલક મંડળ વતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી ટ્રસ્ટીશ્રી નવિનભાઇ પાંચાણી, શિવજીભાઇ વેકરીયા, હરજીભાઇ વેકરીયા, હરીશભાઇ વેકરીયા, રવજીભાઇ કેરાઇ, ગોવિંદભાઇ હાલાઇ, શામજીભાઇ પિંડોરીયા, મુકેશભાઇ વેકરીયા દ્વારા વિદ્યાર્થીઓની મહેનતને વધાવીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્યશ્રી સાંકેતસિંઘ, પંકજ રાજગોર, ગૌતમ ભટ્ટ અને શાળાના સર્વે શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

## “એક પેડ મા કે નામ” હેઠળ ૫૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરને ૨૦ વર્ષ પૂર્ણ સદ્‌વિદ્યા પર્વની ઉજવણીના ઉપલક્ષમાં ગુરુકુળ સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી C.B.S.E. અંગ્રેજી માધ્યમ શાળા અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં એક પેડ માં કે નામ અભિયાન હેઠળ નારાણપર ગામની સીમમાં આવેલ શ્રીઘનશ્યામ સ્મૃતિવન ખાતે ૫૦૦ જેટલા નવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. અને ૭૫૦૦ થી વધુ વૃક્ષોની જળવણી કરવામાં આવી રહી છે. શાળાના બધા જ વિદ્યાર્થીઓએ પોતાની માં નામ સાથે એક વૃક્ષનું વાવેતર કરીને તેને જળવવાની જવાબદારી લીધી હતી. સ્વામી ધર્મચરણદાસજી દ્વારા વૃક્ષોને બચાવીને પર્યાવરણની જાળવણી કરવાની વાત વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી.

## શૈક્ષણિક સેમિનારનું આયોજન કરાયું

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળા અને શ્રીઘનશ્યામ એકેડમી C.B.S.E. અંગ્રેજી માધ્યમ

શાળાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે શેઠ એસ. ડી. શેઠિયા બી.એડ. કોલેજના પ્રોફેસરશ્રી ડો. હિતેશ કગથરા અને ડો. હિતેશ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, સમય પાલન અને લક્ષ્ય પ્રાપ્તિના ધ્યેય સાથે જીવન પાયાના મૂલ્યો વિશેની સમજ આપવામાં આવી હતી. આ સેમિનારમાં શાળાના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શાળા વતી આચાર્ય પંકજ રાજગોર દ્વારા સેમિનાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## રાષ્ટ્રીય સંઘના સેમિનારનું આયોજન કરાયું

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરને ૨૦ વર્ષ પૂર્ણ સદ્‌વિદ્યા પર્વની ઉજવણીના ઉપલક્ષમાં ગુરુકુળ સંચાલિત વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઈતિહાસની સાથે સાથે ચારિત્ર્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ, પર્યાવરણ જતન, સક્ષમ



શ્રીઘનશ્યામ એકેડમી C.B.S.E. અંગ્રેજી માધ્યમ શાળા અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સંઘના ધ્યેયોને અનુલક્ષીને વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે કચ્છ સંઘના કાર્યકર અને મહામંત્રીશ્રી રવજીભાઈ ખેતાણી દ્વારા નાગરિકત્વ અને સ્વદેશી વસ્તુના ઉપયોગ વિશે રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ સેમિનારમાં શાળાના ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શાળા વતી અચાર્ય પંકજ રાજગોર દ્વારા વિદ્યાર્થીઓને સંઘની શાખામાં જોડાવા અને દેશ સેવા કરવાની ભલામણ કરવામાં આવી હતી.

# વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી C.B.S.E. અંગ્રેજી માધ્યમ શાળા અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં વાર્ષિક રમત-ગમત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રારંભિક ઉદ્‌બોધન કરતા સંસ્થાના સંચાલક સ્વામી ધર્મચરણદાસજીએ વિદ્યાર્થીઓને મેદાની રમતો વિશે માર્ગદર્શન આપી જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલા ૩૯ બટાલિયનના એન.સી.સી.ના કમાન્ડર વિકાસ પ્રભાકર સર દ્વારા રમત-ગમતની શરીર પર થતી અસર અને રોજીંદા જીવનમાં કસરતનું મહત્ત્વ સમજાવીને માર્ગદર્શન પુરું પાડ્યું હતું. ત્યારબાદ ગુરુકુળના સંતો અને ટ્રસ્ટીશ્રી અને આચાર્યશ્રી દ્વારા એથ્લેટિક રમત-ગમત પ્રતિયોગિતાઓનું આરંભ કરવામાં આવ્યું હતું. જેમાં બંને શાળાના આશરે ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈને દોડ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, બાલ્કેટ બોલ, લાંબી કૂદ, ઊંચી કૂદ, રસા ખેંચ જેવી રમતોમાં પોતાનું કૌવત દેખાડ્યું હતું. સર્વે વિજેતા થયેલા વિદ્યાર્થીઓને શાળાવતી મેડલ અને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત દરેક કાર્યક્રમોમાં સંસ્થાના સદ્‌ગુરુ સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા ટ્રસ્ટીશ્રી નવિનભાઈ પાંચાણી, શિવજીભાઈ વેકરીયા, રવજીભાઈ કેરાઈ, મુકેશભાઈ વેકરીયા, હરજીભાઈ વેકરીયા, હરીશભાઈ વેકરીયા, ગોવિંદભાઈ હાલાઈ, શાળાના આચાર્યશ્રી સાંકેતસિંઘ અને પંકજ રાજગોર ઉપસ્થિત રહ્યા હતા.



આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના વ્યાયામ શિક્ષકો અર્જુન સિંઘ, રજનીશ હિરાણી અને ભાવિકાબેન લાછાણી, વૃંદાબેન પાંચાણી અને શાળાના સર્વે શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી. સંચાલન દિવેશ મોઢ, કોમલ સુથાર અને નેહલબા ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## બેન્ડમાં રેન્જ કક્ષાની સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમે ઝળકી

ગૃહ મંત્રાલયની સૂચનાથી પોલીસ મહાનિર્દેશક ગાંધીનગર તથા સર્વ શિક્ષા અભિયાનના સંયુક્ત ઉપક્રમે તા.૨૫/૯/૨૫ ના રોજ ગાંધીધામ ખાતે રેન્જ કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પાઈપ બેન્ડની સ્પર્ધામાં પ્રથમ નંબર અને બ્રાસ બેન્ડની સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ રગ્બીમાં રાજ્યમાં સુવર્ણ ચંદ્રક (પ્રથમ ક્રમ) એનાયત - કચ્છનું ગૌરવ

રમત-ગમત પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા રાજયકક્ષાની રગ્બી સ્પર્ધાનું આયોજન તા.૧૮/૯/૨૫ ના રણાસન-ગાંધીનગ મુકામે કરાયું હતું. જેમાં અંડર-૧૯ કક્ષામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છનું પ્રતિનિધિત્વ કરી રાજયમાં પ્રથમ ક્રમે જીત મેળવી ચેમ્પિયન થયેલ છે. જેમણે કચ્છ અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

ટીમમાં વેકરીયા દેવાંગી, હાલાઈ તાન્યા, વેકરીયા સુમિત્રા, ભુવા કિંજલ, સોઢા અવનીબા અને વેકરીયા માલતીએ સુંદર પ્રદર્શન કરી જીત મેળવી હતી.

## બેન્ડમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે

ગૃહ મંત્રાલયની સૂચનાથી પોલીસ મહાનિર્દેશક ગાંધીનગર તથા સર્વ શિક્ષા અભિયાનના સંયુક્ત ઉપક્રમે તા.૧૬/૧૦/૨૫ ના રોજ અમદાવાદ ખાતે રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પાઈપ બેન્ડની સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. જે ઝોન કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.



ઉપરોક્ત દરેક ક્ષેત્રે દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બાદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે.

સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થા પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયા, મંત્રીશ્રી

પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન, પૂજાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## રગ્બીમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સુવર્ણ ચંદ્રક એનાયત

રમત-ગમત પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન તા.૧૮/૯/૨૫ ના રણાસન-ગાંધીનગ મુકામે કરાયું હતું. જેમાં અંડર-૧૭ કક્ષામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છનું પ્રતિનિધિત્વ કરી સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવી સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરેલ છે. જેમણે કચ્છ અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

ટીમમાં હાલાઈ નેન્સી, ભુડિયા હસ્મિતા, સેંઘાણી દિયા, સોરઠીયા ચાહત, ચૌહાણ જીનલ અને રાબડીયા જશવંતીએ સુંદર પ્રદર્શન કરી જીત મેળવી હતી.

## વોલીબોલમાં રાજ્યકક્ષાએ ગૌરવભેર જીત - કાંસ્ય ચંદ્રક એનાયત

રમત-ગમત પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન તા.૨૦/૯/૨૫ માણસા-ગાંધીનગર મુકામે કરાયું હતું. જેમાં અંડર-૧૯ કક્ષામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છનું પ્રતિનિધિત્વ કરી તૃતીય ક્રમે જીત મેળવી કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કરેલ છે. જેમણે કચ્છ અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

ટીમમાં વરસાણી ખુશી, ભાવસાર દષ્ટિ, ધોળુ રાશી, રામાણી કશીશ, કેરાઈ ધ્રુવી, ભુડિયા હેત્વી, પેડવા મિરલ અને બોરિચા મૈત્રીએ સુંદર પ્રદર્શન કરી જીત મેળવી હતી.

## એથ્લેટીક્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન

રમત-ગમત પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની એથ્લેટીક્સ રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન નડિયાદ-ગાંધીનગર મુકામે કરાયું હતું. જેમાં અંડર-૧૭ અને અંડર-૧૯ કક્ષામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છનું પ્રતિનિધિત્વ કરી સમગ્ર ગુજરાતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ છે. જેમણે કચ્છ અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

વિજેતા ખેલાડીઓમાં અંડર-૧૭ વિભાગમાં હાલાઈ તાન્યા ગોળાફેંકમાં રાજ્યમાં પ્રથમ, અંડર-૧૯ વિભાગમાં સેંઘાણી દિયા રાજ્યમાં દ્વિતીય, વેકરીયા દેવાંગી અને ખેતાણી જીજ્ઞા ૪★૪૦૦ મી. રીલે દોડમાં સમગ્ર રાજ્યમાં તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે.

# સત્સંગ સમાચાર - વિદેશ

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડ સંતોની પધરામણી

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડમાં ભુજ મંદિરથી ચાર સંતો દિનાંક ૧૯/૯/૨૦૨૫ શુક્રવારના રોજ પધાર્યા હતા. સંતોનો સ્વાગત કાર્યક્રમ શનિવારે સાંજે





બાદ મહાપ્રસાદ લઈ સૌ યુવાનો-યુવતીઓ ઈન્ડોર ગેમનો આનંદ માણ્યો હતો અને સાથે બાળકો પણ જોડાયા હતા. સોમવારથી શુક્રવાર દિનાંક ૨૨ થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી દરરોજ સાંજના સમયે શ્રીમદ્ શ્રીશિક્ષાપત્રી ભાષ્યની કથાનું શ્રવણ સ્વામી દેવવિહારીદાસજીએ પોતાની મધુર શૈલીમાં સૌ હરિભક્તોને કરાવી શ્રીજીમહારાજની આજ્ઞાઓ તાજી કરાવી હતી. દિનાંક ૪ અને ૫ ઓક્ટોબરના સંતો હેમિલ્ટન શહેરમાં રહેતા કચ્છના હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપવા પધાર્યા હતા. અહીં આપણા ૨૫ જેટલા પરિવારો રહે છે અને દર શનિવારે ભેળા મળી

રાખવામાં આવ્યો હતો. ભાદરવા વદ અમાસના સવારે સર્વમંગલ નામાવલિથી શ્રીઠાકોરજીનું પૂજન કરવામાં આવ્યું હતું. પૂજન બાદ મંદિરના વિશાળ પટાંગણમાં ભવ્ય પ્રભાતફેરી કરવામાં આવી હતી અને શિક્ષાપત્રી ભાષ્ય ગ્રંથ પારાયણની પોથીયાત્રા પણ આજે જ યોજાઈ હતી. સોમવારે ગ્રહણ હોવાથી મંદિરમાં સંતો સાથે હરિભક્તો ભજન-કીર્તન કરી ગ્રહણ ઉજવ્યું હતું. દિનાંક ૨૮/૯/૨૦૨૫ રવિવારે શિક્ષાપત્રી પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. પૂજન બાદ શિબિરનો કાર્યક્રમ રાખવામાં આવેલ હોવાથી સૌ યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સ્વામી દેવવિહારીદાસજીએ મંદિરના મહિમા વિશે પ્રેઝન્ટેશન દ્વારા ખૂબ જ સુંદર રીતે માહિતી આપી હતી. ત્યારબાદ સ્વામી અક્ષરપ્રિયદાસજીએ યુવાનોના પ્રશ્નોના જવાબ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. માનસીપૂજા

સત્સંગ કરે છે. બે દિવસ દરમિયાન સંતો કોકેનો, હેમિલ્ટન, કાટીકાટી વિગેરે ગામોમાં રહેતા કચ્છના હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા હતા.

દિનાંક ૬/૧૦/૨૦૨૫ના રોજ શરદપૂનમ હોવાથી ઓકલેન્ડ મંદિરમાં ભવ્ય રાસોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં હેમિલ્ટન, ટોરંગા વિગેરે ગામોથી હરિભક્તો સહભાગી થયા હતા. સંતોના ૨૨ દિવસના રોકાણ દરમિયાન સાંજની સભામાં કથાવાર્તાનો અને સંત સમાગમનો ખૂબજ લાભ લઈ હરિભક્તો પોતાના જીવનને ધન્ય કર્યા હતા.

નવા મંદિરનું કામ ચાલતું હોવાથી હરિભક્તો શનિ-રવિના મોટી સંખ્યામાં બહેનો-ભાઈઓ સેવાનો લાભ લઈ રહ્યા છે. આગામી દિનાંક ૪ થી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન



ભજન-ભક્તિ સાથે પોતાનો વ્યવસાય કરે છે. જોકે છેલ્લા ૧૫ થી ૧૮ વરસ પહેલાંજ યુવાનો અભ્યાસ માટે અહીં આવ્યા હતા અને ધીરે ધીરે નોકરીમાંથી પોતાનો ધંધો લેવા લાગ્યા છે. ભુજનગર નિવાસી શ્રીનરનારાયણદેવી કૃપા અને પૂજ્ય મહંત સ્વામીના રૂડા આશીર્વાદથી ધર્મ-નિયમમાં રહી ખૂબ સારો સત્સંગ થાય છે.

નૂતન મંદિરમાં શ્રીઠાકોરજીની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. જેમાં દેશ-વિદેશથી ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, યુરોપ, ભારત વિગેરેથી હરિભક્તો પધારશે. અમદાવાદથી પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના સંતો મોટી સંખ્યામાં પધારશે તો આપ સૌ હરિભક્તોને અમારા નાના હરિભક્તોના સમુદાયને સત્સંગનું બળ અને માર્ગદર્શન આપવા અવશ્ય પધારવા આમંત્રણ પાઠવીએ છીએ.

ન્યુઝીલેન્ડની રાજધાની ઓકલેન્ડમાં ૫ એકર જમીન ભુજ મંદિર દ્વારા ખરીદાઈ છે જે ભૂમિમાં આપણું ભુજ તાબાનું મંદિર થઈ રહ્યું છે. જ્યાં ૭૦ પરિવાર ઓકલેન્ડમાં રહે છે. કોકેનો, હેમિલ્ટન, ટોરંગો, કાટીકાટી વિગેરે ગામોમાં હરિભક્તો પરિવાર રહે છે. અને સૌ સંપીને શ્રીનરનારાયણદેવને વિશે નિષ્ઠા રાખી સત્સંગ કરે છે. ઉત્સવના દિવસોમાં ઓકલેન્ડ મંદિર ભેળા થઈ ઉજવણી કરે છે.

પૂજ્ય ભુજ મંદિરના મહંત સ્વામીના રૂડા આશીર્વાદથી સૌ યુવાનો પોતાની યથાશક્તિ

અને પૂજ્ય મહંત સ્વામી ભુજ મંદિરથી દર વર્ષે સંતોના ત્રણ મંડળને અહીં સત્સંગને બળ આપવા મોકલે છે. અત્યારે જેમ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, પુરાણી સ્વામી સુવ્રતામુનિદાસજી અને સ્વામી મુકુંદમુનિદાસજીને મોકલાવ્યા છે એમ આ ન્યુઝીલેન્ડનો સત્સંગ ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીનો ખૂબજ ઋણી છે. અમારા જેવા નાના હરિભક્તોની સંતોને મોકલી સંભાળ રાખી રહ્યા છે. અમે પણ ભુજ શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન અને સંતોના કૃપાપાત્ર રહીએ એવી પ્રાર્થના સાથે ભુજ મંદિરના દેવો તથા સંતોના ચરણોમાં કોટી કોટી સાષ્ટાંગ પ્રણામ.

સંતોએ દિનાંક ૧૧/૧૦/૨૦૨૫ શનિવારે ઓકલેન્ડથી ઓસ્ટ્રેલિયા પર્થ જવા વિદાય લીધી હતી.

અ - પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી મનસુખભાઈ તથા પરેશભાઈના જય શ્રીસ્વામિનારાયણ

## શ્રીસ્વામિનારાણ મંદિર, પર્થ-ઓસ્ટ્રેલિયા

શ્રીસ્વામિનારાણ મંદિર, પર્થ-ઓસ્ટ્રેલિયામાં ભુજ મંદિરથી ચાર સંતો દિનાંક ૧૧/૧૦/૨૦૨૫ શનિવારના રોજ પધાર્યા હતા. સંતોના સ્વાગત કાર્યક્રમ સાંજે રાખવામાં આવ્યો હતો. રવિવારે સમૂહ મહાપૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે સંધ્યાફેરી રાખવામાં આવી હતી જે મંદિરના વિશાળ પટાંગણમાં ફરી મંદિરે વિરામ લીધા બાદ રાસોત્સવ યોજાયો હતો. ૧૪/૧૦ મંગળવારે સંતો સાથે યુવાનો પુષ્પબાગ પધાર્યા હતા અને

ત્યાં વચનામૃતની કથા કરી હતી. દિનાંક ૧૭ના રોજ એકાદશીની યુવાનોની વિશેષ સભામાં યુવાનોના પ્રશ્નોના જવાબ સાથે જાગરણ કરવામાં આવ્યું હતું. ધનતેરસના દિવસે ગૌ પૂજન કરવામાં આવ્યું હતું, કાળીચૌદશના દિવસે સાંજે હનુમાનજીનું પૂજન કરવામાં આવ્યું હતું. દિનાંક ૨૦ મંગળવારે સાંજે ચોપડા પૂજન તથા લક્ષ્મી પૂજન કરવામાં આવ્યું હતું. સંવત ૨૦૮૨ ના નૂતન વર્ષના શુભ દિવસે સવારે ગોવર્ધન પૂજા અને ૨૮૦ વિવિધ પ્રકારના પકવાનો, ફરસાણોના થાળ શ્રીઠાકોરજી આગળ ધરવામાં આવ્યા હતા. સ્વામી સુવ્રતમુનિદાસજી તથા સ્વામી









મુકુંદમુનિદાસજીએ માર્ગદર્શન આપ્યું હતું. હરિભક્તોએ થાળ બોલી યજમાનો સાથે સંતોએ અન્નકૂટની આરતી કરી હતી. ત્યારબાદ સભાનું આયોજન કરાયું હતું. અને સભા બાદ સંતો અને હરિભક્તો પરસ્પર બાથમાં લઈ મળ્યા હતા. બપોરપછી કથા બાદ ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, અમદાવાદ દેશ પીઠાધિપતિ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, તથા ભાવી આચાર્યશ્રી લાલજી મહારાજના નવા વરસના આશીર્વાદ વિડિયો મળ્યા હતા. શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ મંદિરના પ્રમુખ પ.ભ.પ્રવિણભાઈએ અન્નકૂટ ઉત્સવ દરમિયાન જે જે બહેનો-ભાઈઓએ સેવા કરી હતી એમનો મંદિર તરફથી આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ મંદિર દ્વારા જરૂરિયાતમંદ લોકોને પેડ તથા અન્ય વસ્તુઓ આપવામાં આવી હતી એમાં જે જે દાતાશ્રીઓએ સહયોગ આપેલ એ દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ સૌ હરિભક્તો પરસ્પર મળી મંદિર તરફથી મહાપ્રસાદનું આયોજન હોવાથી ૪૦૦૦ જેટલા ભક્તોએ પ્રસાદ લીધો હતો. દિવાળીના પાંચ દિવસ દરમિયાન પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ તે તે દિવસની ઐતિહાસિક કથા સાથે સત્સંગિજીવનની કથા સંભળાવી હતી. જેનાથી સૌ હરિભક્તો ખૂબજ રાજી થયા હતા.

દિનાંક ૨૫ ના રોજ સાંજે શ્રીમદ્‌ભાગવત પંચાહ્ન પારાયણની પોથી પૂજન



કરી પોથીયાત્રા કરવામાં આવી હતી જે મંદિરના પટાંગણમાં મંડળી અને લેઝીમના નાદે મંદિરમાં પરત આવી હતી. દિનાંક ૨૬ થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન સમૂહ શ્રીમદ્ભાગવતની પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૭ થી વધુ યજમાનશ્રીઓ સહભાગી થયા હતા. રવિવારે સવારે પૂજનવિધિ બાદ પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ કથા સંભળાવી સૌ હરિભક્તોને રાજી કર્યા હતા. બીજા દિવસે કથા દરમિયાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો અને બાળકો તથા યુવાનો રાસ રમી ઉજવણી કરી હતી. દરરોજ અલગ અલગ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લા દિવસે કથાના યજમાનશ્રીઓને મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી. અને કથા દરમિયાન રાપર મંદિરની શ્રીનરનારાયણદેવ ગૌશાળાની ગાયો માટે ઘાસચારાની સેવા કરવામાં આવી હતી. આ રીતે ભુજથી સંતોનો દિવાળીના તહેવારોમાં વિશેષ લાભ બદલ પર્થ મંદિરના સૌ નાના-મોટા હરિભક્તો રાજી થયા હતા.



આ રીતે ૨૨ દિવસ પર્થ મંદિરમાં રોકાઈ કથાવાર્તા કરી યુવાનો, બાળકો તથા વડીલોનો ખૂબજ રાજી કરી દિનાંક ૩૧/૧૦/૨૦૨૫ શુક્રવારે સવારે સિંગાપુર જવા વિદાય લીધી હતી.

અ - અધ્યક્ષશ્રી પ્રવિણભાઈ કેરાઈ તથા મંત્રીશ્રી દિનકરભાઈ આશાણી

## શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કંપાલા-યુગાન્ડાની વાર્ષિક સામાન્ય સભા

રવિવાર તા.૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કંપાલાની વાર્ષિક જાહેર સભા બોલાવવામાં આવેલ હતી. સભાનો કોરમ પુરું થતા જ ટ્રસ્ટીઓએ સભાપદ સંભાળી સભાની શરૂઆત કરી.

સૌ પ્રથમ કાર્યવાહક સમિતિના અધ્યક્ષશ્રી મનિષભાઈ પરબત શીયાણીએ મંદિરની પ્રવૃત્તિઓ અને વહીવટ અંગે તથા આવક-જાવકમાં વૃદ્ધિના પરિણામે મંદિર સંચાલનમાં કરાયેલા સુધારાઓ અંગે સભાને માહિતગાર કર્યા હતા. તેમજ સત્સંગ પ્રચાર માટે સત્સંગની પ્રવૃત્તિઓ, સંતોના મંડળ, વાર્ષિક તહેવારો અને મહોત્સવો વિશે વિશેષ માહિતી આપી હતી. તેમજ ભાવિ હિતાર્થે સમયાંતરે જવાબદારીની જરૂરી સુધારા હોય તે

નક્કી કરીને અમલમાં મુક્યા છે અને ભવિષ્યમાં સારું સંપ-સંચાલન અને સત્સંગની વૃદ્ધિ થાય એવી જાહેરસભાને નમ્ર વિનંતી કરી હતી. હાલની બધી જ પેટા સમિતિના સભ્યો બહુ જ સારી સેવા આપી હતી. વિશેષ કરીને શ્રીસ્વામિનારાયણ કોમ્પલેક્ષમાં જે ચાર ટ્રસ્ટો (મંદિર, સ્કૂલ, સમાજ અને હાઉસીંગ) છે એનું સંચાલન હળીમળીને થાય એવો પણ પ્રસ્તાવ મુકેલ હતો અને તેના નિયમો સત્સંગ સભાને જણાવ્યા હતા અને એમના અહેવાલને સર્વે સભા સદસ્યોએ તાળીઓના નાદથી વધાવ્યા હતા.

અધ્યક્ષશ્રીના અહેવાલ બાદ મંત્રીશ્રી જયેશભાઈ ગોપાલ ખેતાણીની ગેરહાજરીમાં સહમંત્રીશ્રી નવિનભાઈ કુરજી રાબડીયાએ મંદિરના સરકારી કાનૂની દસ્તાવેજો અંગે બધા સત્સંગીઓને માહિતગાર કર્યા હતા તથા મંદિરમાં વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની મિટીંગો અને ટ્રસ્ટીશ્રીઓની મિટીંગો કેટલી થઈ અને તેમાં મંદિરના હિતમાં લેવાયેલ નિર્ણયોની માહિતી રજૂ કરી. ખાસ કરીને યુવા પેઢીને અને નાના બાળકોને સત્સંગ તરફ કેમ આકર્ષિત કરવા માટે વધુ પ્રયત્ન કરવાની માવિત્રોને નમ્ર વિનંતી કરી. તે ઉપરાંત મંદિરનું પ્રસાદમ્ રેસ્ટોરેન્ટ અને મંદિરના કોઠારનું સંચાલન રવિવારની સમૂહ સત્સંગ સભા અને શનિવારની યુવક-યુવતી મંડળની સત્સંગ સભાનો અહેવાલ આપેલો હતો. આ અહેવાલને સર્વે સભા સદસ્યોએ તાળીઓના નાદથી વધાવ્યા હતા.

ત્યારબાદ ખજાનચીશ્રી રાકેશભાઈ ભીમજી કારાએ મંદિરની આવક-જાવક અને કર-વેરાનો વિગતવાર હિસાબ સભા સમક્ષ રજૂ કર્યો હતો અને સભ્યો એ પૂછેલા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. તે ઉપરાંત સરકારના નિયમ પ્રમાણે જે કાંઈ કર-વેરા હોય તે બધાય અત્યાર સુધી પરિપૂર્ણ છે. મંદિરના બધાય દસ્તાવેજો રિન્યુ કરેલા છે. ઉપરાંત મંદિરના હાલના ઓડિટરો અને મંદિરના અધ્યક્ષશ્રી આવક-જાવકના હિસાબની અંદર ઘણી બધી સલાહ-સૂચન આપેલ છે તેનો આભાર વ્યક્ત કર્યો હતો અને હાલના ઓડિટરો છે તે ફરી એક વર્ષ ચાલુ રાખે એવો પ્રસ્તાવ મૂકેલ હતો. ખજાનચીશ્રીના અહેવાલને સર્વે સભા સદસ્યોએ તાળીઓના નાદથી વધાવ્યા હતા.

ખજાનચીશ્રીના અહેવાલ બાદ ટ્રસ્ટી પ્રમુખશ્રી પરબતભાઈ ભીમજી શીયાણીએ ગત વર્ષ દરમિયાન કાર્વાહક સમિતિએ અને પેટા સમિતિના તમામ સદસ્ય જે અતિ પરિશ્રમ અને લાગણીપૂર્વક સેવા બજાવી છે એમાં જણાવતા ટ્રસ્ટી મંડળ તેમની સેવાને બિરદાવી છે, તે સંદેશ જાહેર કરતા જ સભાએ તાળીઓના નાદ સાથે વધાવી હતી. મંદિરના ઘરેણાં, કિંમતી વસ્તુઓ તેમજ અન્ય જૂની મિલ્કતો વિશે પણ સભાને માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત નૂતન મંદિર માટે કરાયેલ ફાળો જે નોંધાવેલ હતો તે લગભગ હરિભક્તોએ તેમની સેવા જમા કરાવી દીધી છે તેવી જાણ પણ સભામાં કરવામાં આવી હતી. બીજું મલ્ટી પર્પસ બિલ્ડીંગનું કામ જે બાકી રહી ગયું હતું એ આવતી સમિતિ ભાર દઈને જવાબદારી પરિપૂર્ણ કરે એવો પ્રસ્તાવ

મુકેલો હતો. ટ્રસ્ટીશ્રીઓના અહેવાલને સર્વે હરિભક્તોએ તાળીઓના નાદથી વધાવ્યા હતા.

ત્યારબાદ સર્વે સત્સંગીઓના રાજીપા અને મંજુરીથી ટ્રસ્ટીશ્રીઓએ ગત વર્ષની કાર્યવાહક સમિતિને બરખાસ્ત કરી ત્યારબાદ ટ્રસ્ટીશ્રી રમેશભાઇ કાનજી વેકરીયા અને હરેશભાઇ નારાણ જેશાણીની આગેવાની હેઠળ નવી કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવી હતી, અને સર્વે સત્સગીઓના રાજીપાથી નીચે મુજબની પસંદગીઓ થઈ છે.

**નવી કાર્યવાહી સમિતિ :-** અધ્યક્ષશ્રી મનિષભાઇ પરબત શીયાણી-મીરજાપર, સહઅધ્યક્ષશ્રી પ્રકાશભાઇ માવજી કારા-માંડવી, મંત્રીશ્રી નવિનભાઇ કુરજી રાબડીયા-રામપર, સહમંત્રીશ્રી નિમેશભાઇ મનસુખ ગોંડલિયા-મીરજાપર, ખજાનચીશ્રી રાકેશભાઇ ભીમજી કારા-રામપર, સહ ખજાનચીશ્રી ધનજીભાઇ પરબત વેકરીયા-બળદિયા.

**નવી પેટા સમિતિ :-** મિડિયા - હરીશભાઇ રમેશ કેરાઇ-નારાણપર, મિડિયા બહેનો-ભાર્ગવીબેન રમેશ ભુડિયા-વેકરા, સાઉન્ડ -સુરેશભાઇ ધનજી હાલાઇ-કેરા, સાઉન્ડ બહેનો-કસ્તુરબેન રમેશ હિરાણી-નારાણપર, સંગીત -મહેશભાઇ શિવજી હિરાણી-કોડકી, સંગીત બહેનો-હંસાબેન દેવરાજ વેકરીયા-બળદિયા, સુરક્ષા અને શિસ્ત - અરવિંદભાઇ કલ્યાણ ગાંગજીઆણી-દહીંસરા, સુરક્ષા અને શિસ્ત બહેનો-નાનબાઇ લાલજી હિરાણી-સુખપર, સજાવટ અને ઉત્સવ ભાઈઓ-બિપિનભાઇ રતના હાલાઇ-સુખપર, સજાવટ અને ઉત્સવ બહેનો-ક્રિષ્નાબેન ધનજી હિરાણી-કેરા.

**નવી રસોડા સમિતિના બહેનો :-** રાધાબેન પ્રેમજી જેશાણી-દહીંસરા, કાંતાબેન કાનજી પાધરા- સુખપર, મંજુલાબેન રમેશ હાલાઇ-દહીંસરા, નિતાબેન રમેશ વેકરીયા-માંડવી, ધનુબેન મનજી આશાણી-માંડવી.

**નવી રસોડા સમિતિના ભાઇઓ :-** રમેશભાઇ ધનજી વેકરીયા-માંડવી, રમેશભાઇ કલ્યાણ છભાડિયા-માંડવી, અરવિંદભાઇ વાલજી હાલાઇ-નારાણપર, હરીશભાઇ રતના હાલાઇ-મેઘપર, ધનજીભાઇ નારાણ હિરાણી-કેરા.

**મોજુદા ટ્રસ્ટી મંડળ :-** પરબતભાઇ ભીમજી શીયાણી-મીરજાપર, રમેશભાઇ કાનજી વેકરીયા-નારાણપર, શિવજીભાઇ લાલજી હિરાણી-મીરજાપર, હરેશભાઇ નારાણ જેશાણી-બળદિયા, હરીશભાઇ નારાણ હિરાણી-કેરા.

પ.પૂ.મહંત સ્વામીના માર્ગદર્શન, આશીર્વાદ અને આદેશ હેઠળ આ કાર્યવાહક સમિતિ અને ટ્રસ્ટી મંડળ તથા જવાબદારીઓ સંભાળનાર સર્વે હરિભકતોને મંદિરનું સંચાલન સુગમ, દ્રઢ અને નિશ્ચિત રીતે કરવાની શક્તિ પ્રદાન થાય તથા સત્સંગમાં દિવસે ને દિવસે વધારો થાય તેવી પ્રાર્થના ભુજનગર નિવાસી મહાપ્રતાપી શ્રીનરનારાયણદેવના પાવન ચરણોમાં અર્પણ કરતા એવા શ્રી ટ્રસ્ટી મંડળ, અધ્યક્ષશ્રી, કાર્યવાહક સમિતિ અને યુગાન્ડા દેશમાં નિવાસ કરનાર સર્વે હરિભક્તોના હેતપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ.

અ - મંત્રીશ્રી નવિનભાઇ કુરજી રાબડીયા

## શ્રીશિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૬

**વામે યસ્ય સ્થિતા રાધા શ્રીશ્ચ યસ્યાસ્તિ વક્ષસિ । વૃંદાવનવિહારં તં શ્રીકૃષ્ણં હૃદિ ચિન્તયે ॥**

'મારી વાણી મારું સ્વરૂપ' એવી આ શિક્ષાપત્રીનો ઉદ્‌ઘોષ ભગવાન શ્રીસ્વામિનારાયણે વડતાલ હરિમંડપમાં બિરાજીને આશ્રિતોના સુખાર્થે કરેલો છે.

વિ.સંવત ૧૮૮૨ મહા સુદી પંચમી એટલે માનવ મોક્ષ માટેની વસંત ખીલી. આ વસંત એવી ખીલી કે ૨૧૨ પુષ્પરૂપે સદાય મઘમઘતી રહી. અનેકાનેક સદ્‌ગ્રંથોમાં વણાયેલા અનંત વિચારો, અનંત સિદ્ધાંતોને માનવીના દૈનિક આચરણમાં ઉતારવા માટે શ્રીસહજાનંદ સ્વામી મહારાજે સર્વજીવહિતાવહ પોતાના અંતરના રૂડા આશીર્વાદ શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત સૌને આપ્યા અને માનવ કલ્યાણનો વિસ્તાર કર્યો.

ગાગરમાં સાગર સમાન આ શિક્ષાપત્રી એ સર્વે સત્શાસ્ત્રોના દોહનરૂપ કલ્યાણની સીડી છે. જેનો ઉપલો ભાગ અક્ષરધામમાં પ્રવેશે છે, જ્યારે નીચલો ભાગ છેક સામાન્ય લોકજીવનની ભૂમિકાને સ્પર્શે છે. તે બંને છેડા વચ્ચે ઉચ્ચ આદર્શોને લક્ષમાં રાખીને વ્યવહારુ રીતે ચડી શકાય તેવા સરળ પણ દૃઢ પગથિયાં ગોઠવેલાં છે.

**પૃથ્વી તણો કાગળ કરું, કલમ કરું વનરાય,**
**સાત સાગર શાહી કરું, શિક્ષાપત્રી મહિમા લખ્યો ન જાય.....**

વ્હાલા હરિભક્તો, આગામી તા.૨૦ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૬ માં "શ્રીશિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ" ઉજવવાનો છે. ગત વર્ષોમાં આપણે સૌ સાથે મળીને શ્રીવચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ખૂબ ભક્તિભાવપૂર્વક ધામધૂમથી ઉજવણી કરી તેવી જ રીતે શ્રીશિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ પણ આપણે ઉજવીશું. તો, અમો આ મહોત્સવમાં આપ સૌને પધારવાનું ભાવભર્યુ આમંત્રણ પાઠવીએ છીએ.

આ ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લઇ શક્તિ અનુસાર તન-મન-ધનથી યથાયોગ્ય સેવા કરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો રાજીપો અવશ્ય મેળવશો.

**નિમંત્રક :- મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના જય શ્રીસ્વામિનારાયણ......**

**શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવમાં**
**સૌ હરિભક્તોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઇ ઝીણાભાઇ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજીભાઇ ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૩૦૦- પ્રેમવતી વાસ્તુ હ-રાજુભાઇ નીસર - મુંબઇ











## શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રસાદી મંદિર ભુજ, માંડવી, અંજાર તથા રાપરમાં અન્નકૂટ મહોત્સવનાં દિવ્ય દર્શન



શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિરે અન્નકૂટ દર્શન - ભુજ



અંજાર મત વિસ્તારના ધારાસભ્ય માનનીય શ્રી ત્રિકમભાઈ છાંગા સાહેબ ગુજરાત રાજ્યના શિક્ષણ રાજ્ય મંત્રી બન્યા પછી ભુજ શ્રી નરનારાયણદેવના દર્શને પધાર્યા ત્યારે પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા.

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ

## શિક્ષાપત્રી ભાષ્ય કથા



તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી-૨૦૨૬

| ક્રમ | સેવાની વિગત | રકમ |
|---|---|---|
| ૧ | મુખ્ય યજમાનશ્રી (વક્તા પૂજન, શિક્ષાપત્રી વિશેષ પૂજન, રંગઉત્સવ) | ૫૧,૦૦,૦૦૦ |
| ૨ | સહ યજમાનશ્રી (વક્તા પૂજન, શિક્ષાપત્રી વિશેષ પૂજન) | ૧૫,૦૦,૦૦૦ |
| ૩ | વિજયધ્વજના યજમાનશ્રી | ૧૦,૦૦,૦૦૦ |
| ૪ | એક દિવસ ભોજનપ્રસાદના યજમાનશ્રી | ૧૧,૦૦,૦૦૦ |
| ૫ | પોથીયાત્રાના યજમાનશ્રી | ૧૦,૦૦,૦૦૦ |
| ૬ | એક ટાઈમ ભોજનપ્રસાદના યજમાનશ્રી | ૫,૫૫,૫૫૫ |
| ૭ | બિજ મંદિરમાં ડ્રાયફ્રુટ અન્કોટ | ૫,૫૫,૫૫૫ |
| ૮ | શિક્ષાપત્રીનો ડ્રાયફ્રુટ થી અભિષેક (સભામંડપ માં ) | ૫,૫૫,૫૫૫ |
| ૯ | ધર્મકુળ પૂજનના યજમાનશ્રી | ૫,૦૦,૦૦૦ |
| ૧૦ | પાંચ દિવસ સંતોની રસોઈના યજમાનશ્રી | ૨,૫૧,૦૦૦ |
| ૧૧ | પાંચ દિવસ સાં.યો બહેનોના રસોઈના યજમાનશ્રી | ૨,૫૧,૦૦૦ |
| ૧૨ | સંત પૂજનના યજમાનશ્રી | ૨,૫૧,૦૦૦ |
| ૧૩ | સાં.યો. બહેનોના પૂજનના યજમાનશ્રી | ૨,૫૧,૦૦૦ |
| ૧૪ | પાંચ દિવસ ગાયોને ઘાસચારો | ૨,૫૧,૦૦૦ |
| ૧૫ | ઠાકોરજીના શણગાર વાઘાના એક દિવસના યજમાનશ્રી (ત્રણ તકતા) | ૧,૧૧,૧૧૧ |
| ૧૬ | શિક્ષાપત્રી વિશેષ પૂજનના યજમાનશ્રી | ૧,૧૧,૧૧૧ |
| ૧૭ | સંહિતાપાઠના યજમાનશ્રી | ૧,૧૧,૦૦૦ |
| ૧૮ | પત્રિકામાં યજમાન નામાવલી | ૨૫,૦૦૦ |
| ૧૯ | એક દિવસ ઠાકોરજીના થાળના યજમાનશ્રી | ૨૫,૦૦૦ |

ઉત્સવના પુણ્યકારી આયોજનમાં સહભાગી બની શ્રીઠાકોરજી અને સંતોની સેવાનો અમૂલખ અવસર પ્રાપ્ત કરીએ.

### ઉત્સવ નિમિત્તે ઓનલાઈન સેવા રાશી મોકલવા માટેની વિગત...

**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ**

એચ.ડી.એફ.સી. બેંક
A/c. No.: 02041450000070
IFSC Code: HDFC0000204

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
A/c. No.: 56156006293
IFSC Code: SBIN0000334

**દેશમાંથી NRI ખાતામાંથી ફંડ ટ્રાન્સફર કરવા માટે**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
A/c. No.: 40072927931
IFSC Code: SBIN0000691

દરેક હરિભક્તોએ પોતાનું પૂરું નામ, એડ્રેસ, ગામ તથા જે કાંઈ પણ સેવાની રકમ જમા કરાવેલ હોય તેની માહિતી નીચે જણાવેલ ઈમેઈલ પર મોકલીને અથવા અત્રે આપેલ સંપર્ક સૂત્રોને ફોન પર જરૂરથી જણાવવી.

M. +91 75676 07000 - (Wa.me/91 75676 07000 • E-mail : kothar@swaminarayan.faith

**સંપર્ક સૂત્ર**

ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી (M:9825736171) સ.ગુ. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી (M:9825341041)